# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૪/ક્વા-૦૧/૨૦૨૦-૨૧/૨૦૪ તા. ૦૮.૦૯.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૦૪/ક્વા-૦૧/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી ભાવેશ ગોવિંદભાઇ સાકરિયા ગામ – ગોલણીયા/ખંઢેરા

સબડીવીઝન: કાલાવડ પુર્વ

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી જામનગર ગ્રામ્ય

## :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જામનગર

તારીખ: ગુરુવાર (૧૨.૦૮.૨૦૨૧)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૨.૦૮.૨૦૨૧ (ગુરુવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, આપ સાહેબશ્રી ને જણાવવાનું કે, અમો અરજદાર ગોલણીયા મુકામે કુટુંબ સાથે રહીએ છીએ અને ભાગીયા તરીકે ખેતી કરી અમોનું તથા અમોના કુટુંબનું ગુજરાન ચલાવી એ છીએ અમો નીચે મુજબની પશ્ચિમ ગુજરાત વીજ કંપની વિરુદ્ધ ફરિયાદ છે.અમો ના પિતા શ્રી ગોવિંદભાઈ દેવરાજભાઈ સાકરિયાની ધુતારપર ગામની ખેતીની જમીનમાં પાણી પિયત કરવા માટે લાઈટ કનેક્શન ની માંગણી કરેલ હતી પી.પી.નંબર ૭૯ અરજી નંબર ૩૭૪૯૬૯-૭૦-૭૧ તા.૧૯.૧૨.૧૧ ના રોજ માગણી કરેલ હતી તે ખેતીની જમીનમાં ટી સી તથા કનેક્શન આપી દેવામાં

આવેલ છે પરંતુ રીડિંગ માટે મીટર મુકવામાં આવેલ નથી જો મીટર વહેલી તકે મૂકવામાં આવે તો અમો તે લાઇટ નો વપરાશ કરી શકીએ અમો નો પાક સૂકાતો હોય તે બચાવી શકાય.ઉપરોક્ત બાબત ની અમોએ જામનગર ઘણી રજૂઆત કરેલ છે પરંતુ આજદિન સુધી મીટર મુકવા બાબતનો નિકાલ આવેલ નથી આ કારણે મારે આજથી ઘણું મોટું નુકસાન ભોગવવાનો વારો આવેલ છે અને યોગ્ય નિકાલ કરવા વિનંતી.અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 ઉપરોકત વિષયે જણાવવાનું કે ફરીયાદી શ્રી ભાવેશભાઇ ગોવીંદભાઇ સાકરીયા, ગામઃ ગોલણીયા, તા. કાલાવડ જીઃ જામનગર કે જેઓએ નામદાર ગ્રાહક ફોરમમાં ફરીયાદ કરેલ જેની વિગત નીચે મુજબ છે.

૧) મુળ અરજી કરનારનુ નામ : શ્રી મનસુખભાઇ દામજીભાઇ ચાંગાણી, ગામઃ ધુતારપુર, તા. જીઃ જામનગર
૨) હાલનાં જમીનના માલીકનુ નામ અને સરનામુ : શ્રી ગોવીંદભાઇ દેવરાજભાઇ સાકરીયા, ગામઃ ધુતારપુર, તા. જીઃ જામનગર
૩) ફરીયાદીનુ નામ અને સરનામુ : શ્રી ભાવેશભાઇ ગોવીંદભાઇ સાકરીયા, ગામ : ગોલણીયા, તા. કાલાવડ જીઃ જામનગર
૪) અરજી તારીખ : ૦૪-૧૦-૧૯૯૪ નાં રોજ પહોચ નંબર ૬૮૫૩૦ થી રૂા.૧૦૦/- ભરેલ.
૫) અંદાજપત્ર આપેલ તારીખ : ૧૯-૧૨-૨૦૧૧ રૂા. ૯૦૩૮.૦૦
૬) અંદાજપત્ર ભરપાઇ તારીખ : ૧૯-૧૨-૨૦૧૧ પહોંચ નંબર ૩૭૪૯૬૯-૭૦-૭૧
૭) વિજભાર માંગણી : ૭.૫ હો.પા.
૮) મુળ અરજી સર્વે નંબર : ૧૯૧ પૈકી ૪ ગામ : ધુતારપુર
૯) હાલ માંગણી સર્વે નંબર : ૨૧૫/૨/પૈકી-૨ ગામ : ધુતારપુર

3.૧ કાલાવડ ઇસ્ટ પેટા વિભાગ હેઠળનાં જામનગર તાલુકાના ધુતારપુર ગામના રે.સં.નં. ૧૯૧ પૈકી ૪ ની ખેતીવાડી જમીન ઉપર નવા વિજ જોડાણ લેવા માટે જે તે વખતના જમીનના મુળ માલીક શ્રી મનસુખભાઇ દામજીભાઇ ચાંગાણી, ગામઃ ધુતારપુર, તા. જીઃ જામનગર દ્રારા સામાન્ય યોજના હેઠળ નીચે મુજબની વિગતવાળી બે અરજીઓ નોંધાવેલ હતી.
(૧) રૂા. ૧૦૦/- પહોંચ નંબર ૬૪૫૦૨ તા. ૧૯.૧૨.૧૯૯૧ થી નોંધાવેલ.
(૨) રૂા. ૧૦૦/- પહોંચ નંબર ૬૮૫૩૦ તા. ૦૪.૧૦.૧૯૯૪ થી નોંધાવેલ.

3.૨ ઉપરોકત ક્રમ નંબર-૧ વાળી અરજી ઉપર સદર અરજદાર દ્રારા ઉપરોકત માંગણીવાળી જમીનના સર્વે નંબર ૧૯૧ પૈકી ૪ ઉપર તત્કાલ યોજના હેઠળ સ્વીચ ઓવર કરાવીને તા. ૨૮.૦૧.૨૦૦૩ નાં રોજ નવુ ખેતીવાડી વિજ કનેકશન શ્રી મનસુખભાઇ દામજીભાઇ ચાંગાણીના નામથી રીલીઝ કરવામાં આવેલ હતુ. ઉપરોકત ક્રમાંક નંબર-૨ વાળી અરજીનો ક્રમ આવતા મુળ માંગણી વાળી જમીન સર્વે નંબર ૧૯૧ પૈકી ૪ ઉપર સર્વે કરીને તેમના મુળ અરજદાર શ્રી મનસુખભાઇ દામજીભાઇ ચાંગાણીના નામનુ અંદાજપત્ર તા. ૧૨-૧૨-૨૦૧૧ નાં રોજ પાઠવવામાં આવેલ હતુ. જે અંદાજપત્રના અનુસંધાને શ્રી ગોવિંદભાઇ દેવરાજીભાઇ સાકરીયા દ્રારાં તા. ૧૭-૧૨-૨૦૧૧ નાં રોજ અરજી કરીને જણાવેલ હતુ કે સદર જમીન સર્વે નંબર ૧૯૧/૪/ પૈકીર નાં મુળ અરજદાર શ્રી મનસુખભાઇ દામજીભાઇ ચાંગાણી પાસેથી શ્રી રાહુલભાઇ પ્રવીણભાઇ પટેલ્રે વેંચાણથી લીધેલ છે. ત્યાર બાદ સદર જમીન શ્રી ગોવિંદભાઇ દેવરાજીભાઇ સાકરીયાએ શ્રી રાહુલભાઇ પ્રવીણભાઇ પટેલ પાસેથી વેંચાણથી લીધેલ છે. અને આ જમીન ઉપર ઉપરોકત ક્રમ નંબર-૧

વાળી અરજી ઉપર તત્કાલ યોજના હેઠળ મેળવેલ વિજ કનેકશન જેના ગ્રાહક નંબર ૩૨૬૪૭-૦૧૫૨૩-૬ થી ખેતીવાડી વિજ કનેકશન ચાલુ છે. માટે આજ જમીન ઉપર બીજુ મંજુર થયેલ કનેકશન મને મારી માલીકીની ધુતારપુર ગામની અન્ય જમીન જેના સર્વે નંબર ૨૧૫/૨/પૈકી ૨ છે તેના ઉપર આપવા તા. ૧૭-૧૨-૨૦૧૧ થી અરજી કરેલ હતી. જે અરજી ધ્યાને લઇ જે તે વખતના નાયબ ઇજનેર દ્વારા સર્વે નંબર બદલવા માટેની મંજુરી મેળવવા માટેની દરખાસ્ત તૈયાર કરી તા. ૦૩-૧૧-૨૦૧૨ નાં રોજ ઉપલી કચેરીને મોકલવેલ હતી.

3.3 ત્યાર બાદ જે તે વખતના અધિકારી દ્વારા શરત ચુકથી અને મંજુરીની અપેક્ષાએ નામ બદલી અને સર્વે નંબર બદલી નવા નામે એટલે કે શ્રી ગોવીંદભાઇ દેવરાજભાઇ સાકરીયાના નામે તેમનાં અન્ય સર્વે નંબર ૨૧૫/૨/ પૈકી ૨ માટે નવા વિજ કનેકશનની મંજુરી માટેનુ અંદાજપત્ર તા. ૧૯-૧૨-૨૦૧૧ નાં રોજ પાઠવેલ હતુ. જે અંદાજપત્ર તા. ૧૯-૧૨-૨૦૧૧ નાં રોજ ભરપાઇ કરી એગ્રીમેન્ટ કરવામાં આવેલ હતુ. ઉપરોકત સર્વે નંબ બદલીની દરખાસ્ત વર્તુળ કચેરીનાં પત્ર નંબર જેસીઓ/ટી-૨/૫૩૧ તા. ૦૯-૦૧-૨૦૧૩ થી વાંધા પુર્તતા માટે વિભાગીય કચેરીને પરત કરવામા આવેલ હતી. જે દરખાસ્ત પુર્તતા કરી મંજુરી માટે ફરીથી વિભાગીય કચેરી દ્વારા પત્ર નંબર જેઆરડી/ટેક/૪૬૪૪ તા. ૨૩-૦૭-૨૦૧૩ થી વર્તુળ કચેરીને મોકલવામાં આવેલ હતી.

3.૪ સદર ફાઇલ તથા પેટા વિભાગીય કચેરી ખાતેનો રેકોર્ડ તપાસતા માલુમ પડેલ છે કે ઉપરોકત સર્વે નંબર બદલીની મંજુરી મળેલ નથી. પરંતુ શરત ચુકથી જે તે વખતના અધિકારી દ્વારા નવી જગ્યાએ લાઇન કામ કરાવી ટી.સી. લગાવી દીધેલ છે. આમ આ નવી જગ્યાના સર્વે નંબર ૨૧૫/૨/ પૈકી-૨ ઉપર ઉભુ કરેલ ટી.સીં વાળા નવા ખેતીવાડી વિજ કનેકશન માટેની સર્વે નંબર બદલીની મંજુરીની કાર્યવાહી બાકી છે તથા ત્યાર બાદની વિજ કનેકશન અંગેની બધીજ કાર્યવાહી બાકી છે.

૩.૫ પરીપત્ર નંબરઃ જીયુવીએનએલ/ટેક/એજી કનેકશન/૨૧૮૯ તા. ૨૪-૧૦-૨૦૧૩ ના બદલાયેલી પરીસ્થિતી અન્વયે નવીન ખેતી વિષયક વિજ જોડાણ આપવા માટેનુ માગંદર્શન વાળા વિભાગની કલમ "ચ" હેઠળ સદર અરજદારને સર્વે નંબર બદલીની મંજુરી આપવા માટે પાત્રતા ધરાવતાં નથી. માટે આ અરજદારને નવી જગ્યાએ ટી.સી. ઉભુ થયેલ છે તે જગ્યાએ વિજ કનેકશન આપી શકાય નહી તેવુ નીચે સહી કરનારનુ સ્પષ્ટ મંતવ્ય થાય છે. જે આપ સાહેબને વિદીત થાય.

## :: હુકમ ::

૪.0 અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે ઉપરોક્ત મુદ્દા નં. ૩.૫ મુજબ પીજીવીસીએલ કંપની દ્વારા અરજદાર શ્રી ને પરીપત્ર નંબર. જીયુવીએનએલ/ટેક/એજી કનેક્શન/૨૧૮૯ તા. ૨૪.૧૦.૨૦૧૩ મુજબ આ કનેક્શન આપી શકાય નહીં.

૪.૨ તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |

નોંધ:-

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-3૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬30૨૬૮૯